# રેપોરેટ યથાવત્ રાખવાનો નિર્ણય

મુંબઈ,તા. ૧૮

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે ક્રેડિટ પોલીસી સમીક્ષા જારી કરી હતી જેમાં રેપોરેટમાં કોઈપણ પ્રકારના ફેરફાર ન કરવામાં આવતા સામાન્ય લોકોમાં હાલ પૂરતી રાહત મળી છે. લોન મોંઘી થશે નહીં. ક્રેડિટ પોલીસી સમીક્ષા જારી કરતી વેળા રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને આજે રેપોરેટ યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો હતો. આનો મતલબ એ થયો કે રેપોરેટ ૭.૭૫ ટકાના દરે યથાવત્ રહેશે. બીજી બાજુ રિવર્સ રેપોરેટને પણ ૬.૭૫ ટકાના દરે યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો હતો. ઉપરાંત સીઆરઆરના દર પણ યથાવત્ રાખવામાં આવે છે. આરબીઆઈના એલાન બાદ શેરબજારમાં તીવ્ર તેજી આવી હતી અને એક સાથે ૩૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાયો હતો. આરબીઆઈની આજે જારી કરવામાં આવેલી પોલીસી સમીક્ષા બાદ સામાન્ય લોકો માટે તમામ પ્રકારની લોન વધારે મોંઘી બનવાની દહેશત ઉપર પૂર્ણ વિરામ મૂકાઈ ગયો છે. કારણ કે રેપોરેટમાં વધારો ન થવાની સ્થિતિમાં લોન ઉપર લાગતા વ્યાજદરોમાં પણ કોઈ અસર થશે નહીં. આરબીઆઈએ સીઆરઆરને યથાવત્ ચાર ટકા રાખવાનો નિર્ણય કર્યો છે. એવો અંદાજ મૂકવામાં આવી રહ્યો હતો કે તીવ્ર મોંઘવારીને ધ્યાનમાં લઈને રિઝર્વ બેંક રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરશે. થોડાક દિવસ પહેલાં જ નાણામંત્રાલય અને આરબીઆઈના અધિકારીઓની બેઠકમાં આ બેઠક અંગે સહમતી થઈ હતી કે હાલમાં મોંઘવારી રોકવા ઉપર જ ભાર આપવામાં આવશે. પરંતુ આ બાબત ઉપર તમામ લોકોએ સહમતી



દર્શાવી હતી કે વિકાસ ઉપર કોઈ અસર ન થાય તેવા પગલાં લેવા જોઈએ. રિઝર્વ બેંકે માર્જિનલ સ્ટેન્ડીંગ ફેસિલીટી (એમએસએફ) રેટને ૮.૭૫ ટકાનાદરે યથાવત્ રાખ્યો છે. જો કે ઊંચા ફુગાવા ઉપર નજર રાખવાની ખાતરી આપી છે. ૪થી સપ્ટેમ્બરના દિવસો આરબીઆઈના ગવર્નર તરીકેનો હોદ્દો સંભાળી લીધા બાદથી રેપોરેટમાં બે વખત ૨૫ પૈસાનો વધારો કરવામાં આવી ચૂક્યો છે. ગયા વર્ષે જીડીપી ગ્રોથ રેટ એક દશકની નીચી સપાટીએ પહોંચ્યો હતો. નવેમ્બર મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) ફુગાવો ૧૪ મહિનાની ઊંચી સપાટી ઉપર પહોંચી ગયા બાદ રેપોરેટમાં વધારો નિશ્ચિત દેખાઈ રહ્યો હતો. ઓક્ટોબરમાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૭ ટકા હતો.

## સપાના વોકઆઉટ વચ્ચે લોકપાલ બિલને આખરે સંસદની લીલીઝંડી

નવી દિલ્હી,તા. ૧૮

ભ્રષ્ટાચારની સામે કઠોર જોગવાઈ ધરાવતા બહુચર્ચિત લોકપાલ બિલને આજે લોકસભામાં મંજુરી મળી ગઈ છે. ચાર દશકથી અટકેલા લોકપાલ બિલને સંસદની મંજુરી મળી જતાં હવે કાયદો બનાવવાની પ્રક્રિયા શરૂ થશે. રાજ્યસભામાંથી પાસ થયા બાદ આજે સુધારવામાં આવેલા બિલને લોકસભાએ મૌખિક મતથી ૩૦ મિનીટમાં પસાર કરી દેતાં ઘણા સમયથી પ્રવર્તી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આની સાથે જ લોકસભાની કામગીરી અચોક્કસ મુદત માટે મોકુફ કરી દેવામાં આવી હતી. લોકપાલ બિલને હવે રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવશે. ત્યારબાદ તેમના હસ્તાક્ષરની સાથે જ આ કાયદો બની જશે. લોકપાલ અને લોકાયુક્ત બિલ ૨૦૧૧ બે વર્ષથી રાજ્યસભામાં અટવાયેલું હતું. રાજ્યસભા મંગળવારના દિવસે કેટલાક સુધારા સાથે આ બિલને પાસ કરી દેતા આને મંજુરી માટેનો માર્ગ મોકળો થઈ ગયો હતો. આજે લોકસભાએ સમાજવાદી પાર્ટીના વોકઆઉટ વચ્ચે આને મંજુરીની મોહર મારી દીધી હતી. સુધારવામાં



આવેલ લોકપાલબિલ આજે સવારે લોકસભામાં રજુ કરવામાં આવ્યું હતું. વિપક્ષી પાર્ટી ભાજપ અને કોંગ્રેસે આનો જોરદાર સમર્થન કર્યું હતું. રાજ્યસભામાં ચર્ચા દરમિયાન વોકઆઉટ કરનાર સમાજવાદી પાર્ટીએ લોકસભામાં પણ આનો વિરોધ કર્યો હતો.

વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે લોકપાલ બિલની ક્રેડીટ અણ્ણા હજારેને આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આ બિલની ક્રેડીટ લેવા માટે કોંગ્રેસમાં સ્પર્ધા ચાલી રહી હતી. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ આમા સામેલ છે. પરંતુ આના માટે ક્રેડીટ અણ્ણા હજારેને મળે છે. જે અનશન કરીને દેશને વારંવાર જગાવી રહ્યા હતા. દરમિયાન કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, લોકપાલની રાહ દેશ ૪૫ વર્ષથી જોઈ રહ્યું હતું.સંસદના વર્તમાન સત્રને વધારીને ભ્રષ્ટાચાર રોકવા માટે પેન્ડીંગ બિલોને પસાર કરવાની પણ તેઓએ તક આપી હતી. રાહુલે કહ્યું હતું કે, લોકપાલ બિલને પસાર કરીને અમારી પાસે ઈતિહાસ રચવાની તક મળી છે. આરટીઆઈ એક્ટ પ્રથમ પગલું હતું. લોકપાલ ભ્રષ્ટાચાર સામેની લડાઈને મજબુત બનાવશે. અધિકારીઓની જવાબદારી આના કારણે વધશે.

## ડીઝલની કિંમત હજુ ૨૧ મહિના સુધી સતત વધશે


નવી દિલ્હી,તા. ૧૮

**ડીઝલની કિંમતમાં વધારાનો દોર હાલમાં જારી રહે તેવી શક્યતા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તીવ્ર ભાવવધારાની સ્થિતિ વચ્ચે હાલમાં લોકોને ડીઝલની કિંમતમાં કોઈ રાહત મળશે નહીં. મળેલી માહિતી મુજબ ઓગસ્ટ ૨૦૧૫ સુધી અથવા તો આગામી ૨૧ મહિના સુધી કોઈપણ પ્રકારના ટેક્સ વગર ડીઝલની કિંમતમાં લીટર દીઠ ૫૦ પૈસાનો વધારાનો દોર યથાવત્ રીતે જારી રાખવામાં આવશે. ટેક્સને ઉમેરી લેવામાં આવ્યા બાદ દિલ્હીમાં આ વધારો ૫૭ પૈસાનો રહેશે. લોકલ સેલ ટેક્સ અથવા તો વેટના આધાર ઉપર આ વધારો અમલી બનશે. ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ દિવસ બાદથી ડીઝલની કિંમતમાં ૧૧ વખત વધારો કરવામાં આવ્યો છે. આની સાથે જ આ વધારો કુલ લીટર દીઠ ૬.૬૨ રૂપિયાનો થઈ ગયો છે. જાન્યુઆરી ૨૦૧૩માં સરકારે મહિને ૫૦ પૈસાનો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદથી આ વધારાનો દોર જારી રહ્યો છે. ડીઝલના વેચાણ ઉપર ઓઈલ કંપનીઓને નુકસાન લીટર દીઠ ૧૦.૫૦ રૂપિયાની આસપાસ છે. આનો મતલબ એ થયો કે દેશભરમાં લોકોને જ્યાં સુધી ડીઝલ પર નુકસાન સંપૂર્ણપણે દૂર થશે નહીં ત્યાં સુધી ભાવવધારા માટેનો સામનો કરવો પડશે. ડીઝલ ઉપર અંડર રિકવરી અથવા તો મહેસૂલી નુકસાન ડિસેમ્બરના પ્રથમ પખંવાડિયામાં લીટર દીઠ ૯.૯૯થી વધીને ૧૦.૪૮ થઈ ગયું છે. ઓઈલ કંપનીઓ આઈઓસી, એચપીસીએલ, બીપીસીએલ દર મહિને ૧, ૧૬ તારીખે ડીઝલની સમીક્ષા કરીને સુધારાઓ કરે છે.**

## દેશમાં પીએસયુ બેંક કર્મીઓની હડતાળથી ઓપરેશન સંપૂર્ણ ઠપ

નવી દિલ્હી,તા.૧૮

જાહેર ક્ષેત્રના બેંક અધિકારીઓ અને કર્મચારીઓએ પગાર, ભથ્થાઓ તથા સર્વિસ શરતોમાં સુધારાઓ સાથે સંકળાયેલી જુદી જુદી માંગણીઓને લઈને આજે એક દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડી હતી. દેશવ્યાપી બેંક હડતાળના કારણે નાણાંકીય ક્ષેત્રની કામગીરી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી.ચેક ક્લીયરન્સ, વિડ્રોઈંગ અને જુદી-જુદી બ્રાંચોમાં નાણા જમા કરવાની પ્રક્રિયાઓ અટવાઈ પડી હતી. વિવિધ માંગણીઓને લઈને બેંક કર્મચારીઓ આક્રમક મુડમાં દેખાયા હતા. નવ બેંક એમ્પલોઈસ એન્ડ ઓફિસર્સ યુનિયન સાથે સંકળાયેલા તમામ સભ્યો હડતાળ ઉપર ઉતર્યા હતા.યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના કન્વીનર વેકન્ટચલમે કહ્યું હતું કે, હડતાળને સંપૂર્ણ સફળતા હાથ લાગી છે. દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક એસબીઆઈ સહિતની બેંકોએ કસ્ટમરોને માહિતી



આપી હતી કે, હડતાળના કારણે તેમને તકલીફ પડી શકે છે. નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કસના જનરલ સેક્રેટરી અશ્વિની રાણાએ કહ્યું હતું કે, પગાર સુધારા ઉપર ૧૪મી ડિસેમ્બરના દિવસે વાતચીત થઈ હતી. પરંતુ સંતોષ ન થાય તેટલા હદ સુધી આઈબીએ દ્વારા તૈયારી દર્શાવવામાં આવી હતી. દેશમાં ૨૭ જાહેર ક્ષેત્રોની બેંકો છે અને આમાં આઠ લાખ જેટલા કર્મચારીઓ કામ કરે છે. દેશભરમાં આ બેંકોની ૫૦ હજારથી વધુ શાખાઓ આવેલી છે. બેંકીંગ કર્મચારીઓ આજે હડતાળ ઉપર જતા રહેતા સેવાને માઠી અસર થઈ હતી. બેંક કર્મચારીઓને જુદાજુદા યુનિયનો અને ભારતીય બેંક સંઘ (આઈબીએ) વચ્ચે બેઠક થઈ હતી પરંતુ બેઠકમાં કોઈપણ મુદ્દે સંમતિ થઈ ન હતી જેથી આજે બેંક કર્મચારીઓની હડતાળ સવારે શરૂ થઈ ગઈ હતી. જાહેર ક્ષેત્રના બેંક અધિકારીઓના સંગઠન ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફડેરેશનની આજે જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે બેંક કર્મચારીઓના નવમાં દ્વિપક્ષીય વેતન અને સેવા શરતો સાથે સંકળાયેલો કરાર ૩૧મી ઓક્ટોબર ૨૦૧૨ના દિવસે પૂર્ણ થઈ ચૂક્યો છે. આને ધ્યાનમાં લઈને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સે ભારતીય બેંક સંઘની સાથે ૧૦માં દ્વિપક્ષીય સમજોતા માટે માંગણી પત્રને ૩૦મી ઓક્ટોબર ૨૦૧૨ના દિવસે સોંપવાની કામગીરી પૂર્ણ કરાઈ હતી. કન્ફડરેશનના મહાસચિવ હરવિંદ્રસિંહે કહ્યું છે કે માંગણી પત્ર સોંપતી વેળા બેંક યુનિયનોએ માંગણીને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા અપીલ કરી હતી. આ ઉપરાંત આઈબીએ દ્વારા સમજૂતીને વહેલી તકે અમલી બનાવવાની ખાતરી આપી હતી. આઈબીએ દ્વારા પગારમાં પાંચ ટકાના વધારાને ઓફર કરવામાં આવી હતી. જે યુનિયનોએ સ્વીકારી નથી. કન્ફડરેશનની દલીલ છે કે બેકીંગ સુધારાના નામ ઉપર સરકાર ઉદાસીન પગલાંઓ લઈરહી છે પરંતુ બેંક કર્મચારીઓ આ પગલાંઓનો સ્વીકારશે નહીં.

## લાલુ યાદવના કાફલામાં રહેલા એસયુવીની ટક્કરથી એકનું મોત

કોડેરમા,તા.૧૮

આરજેડીના વડા અને બિહારના ભુતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવના કાફલામાં રહેલા એક એસયુવી વાહનની ટક્કરથી એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય સાત લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. લાલુના કાફલામાં એક વાહને આઠ લોકોને કચડી દીધા હતા. લાલુનો કાફલો રાંચીથી પટણા જઈ રહ્યો હતો. એજ વેળા રાંચીથી આશરે ૧૭૦ કિલોમીટરના અંતરે કોડેરમા ખીણમાં આ બનાવ બન્યો હતો. એકનું આમા મોત થયું હતું. કુલ સાત લોકોને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. એકનું મોત થયું હતું. એસડીપીઓ (કોડેરમા) શ્રવણકુમારે કહ્યું હતું કે, લાલુ અને અન્ય નેતાઓ બિલકુલ સુરક્ષિત છે. જે વાહનમાં લાલુ મુસાફરી કરી રહ્યા હતા તે વાહન દુર્ઘટનાગ્રસ્ત વાહનથી ૧૦ કિલોમીટરના અંતરે હોવાનું જાણવા મળ્યું છે. અન્ય તમામ વાહનો અતિ ઝડપથી જઈ રહ્યા હતા. લાલુ અને અન્યના વાહન આગળ નિકળી ગયા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. લાલુનો કાફલો અકસ્માત થયો હોવા છતાં આગળ નિકળી ગયો હતો.

### સખીને પત્ર (પાના નં. ૪ નું ચાલુ)

**"ઘણા વર્ષો પછી બાગમાં બુલબુલ આવ્યું અને ગુલાબ આનંદમાં આવી ગયું. એના કોમળ હૃદયમાં પોઢેલાં પ્રેમની સારેગમ વાગી ઊઠી. પાંખડીએ-પાંખડીએ તેજ પ્રગટ થયું અને ગુલાબ મસ્ત બનીને ડોલવા લાગ્યું. તેણે મીઠાશથી કહ્યું : 'ઓ બુલબુલ, આવ ઘણા વખતથી હું તારી રાહ જોઉં છું એવું ગીત લલકાર કે કે મારૂં જીવન સંગીતમય બની રહે.' બુલબુલે જવાબ આપ્યો : હું તારી પાસે આવું એ પહેલાં જે થોડા પ્રશ્નો - પૂછું એના મને સંતોષકારક જવાબ આપ." 'શું હજી સુંધી તારો સ્પર્શ કોઇને નથી કર્યો? તું જે જમીનમાંથી ઉત્પન્ન થયું છે એમાં શું ઉત્તમ પ્રકારનું ખાતર ભરવામાં આવ્યું છે? તને ઉછેરનાર માળીમાં શું ઊંચી જાતના સંસ્કાર છે?' આ પ્રશ્નો સાંભળીને ગુલાબનું હ્રદય રડી ઉઠ્યું. તેની કાયા કરમાવા લાગી અને મરતાં મરતાં તેણે કહ્યું : 'બુલબુલ, શંકાશીલને કદી પણ શુદ્ધ પ્રેમ પ્રાપ્ત થતો નથી.'**

**વિખ્યાત ફ્રેન્ચ ચિંતક વોલ્ટરે આંસુ માટે 'વેદનાની મૂક વાણી' શબ્દ પ્રયોગ કર્યો છે. અને આંસુ મગરમચ્છના હોય (જેવા આજકાલની સાસુ-વહુની સિરીયલમાં બતાવે છે) તો કોઇ પરિણામ નથી લાવતાં પરંતુ સાચુકલા હોય તો ભલભલા કાઠી છાતીનાં મરદનેય એકવાર ભીંજવી દેવા માટે સક્ષમ હોય છે. અંતરના આંસુ કદી છેતરપીંડી ન કરી શકે, પેલી ગઝલ યાદ છે ને? 'તુમ ઇતના જો મુસ્કુરા રહે હો, કયા ગમ હૈ જિસ કો છુપા રહે હો.' સ્મિત કંઇક છુપાવી શકે છે, આંસુ તો બધું જ. ખુલીને વ્યક્ત કરી દે છે. આંસુની સંપત્તિ ધરાવનાર અંદરથી લીલોછમ - તરબતર રહી શકે છે. આ લીલાશ ચિરંજીવી છે. સુક્કી ભઠ્ઠ વ્યવહારૂં કરતાં એ ભીનાશ વધુ આકર્ષે છે.**

**પણ... ઊભી રહે સખી! આંસુ વહાવવા એ આપણી માનસિક જરૂરિયાત છે પરંતુ આંસુ લૂછવા એ આપણી ઇશ્વરદત્ત સામાજિક જવાબદારી છે. મીન પિયાસીના પ્રસિદ્ધ કાવ્ય 'કબૂતરોનું ઘૂ-ઘૂ-ઘૂ'માં કાવ્યના અંતે કવિ કહે છે -**

**"પરમેશ્વર તો પહેલું પૂછશે, કોઇનું**
**સુખ દુઃખ પુછ્યું તું?**
**દર્દભરી દુનિયામાં જઇને કોઇને કોઇનું આંસુ**
**લૂછ્યું તું?**
**ગેંગેં ફેંફેં કરતાં કહેશો હેં - હેં - હેં - હેં શું? શું? શું?"**

**તો? આંસુ વહાવવામાં અગ્રેસર આપણે કોઇનાં આંસુ લૂછમાંય અગ્રેસર થઇએ!**

## વ્યાજદર સ્થિર રહેતા ઓટો શેરમાં ઉછાળો

મુંબઈ,તા.૧૮

રિઝર્વ બેંકે વ્યાજદરમાં વધારો ન કરતાં રિયાલીટી ઈન્ડેક્સમાં સૌથી મોટો ઉછાળો નોંધાયો હતો. રિયાલિટીના શેરમાં તેજી જામી હતી. એવી આશા પણ જોવા મળી રહી છે કે, હોમ લોન પર વ્યાજદર સ્થિર રહેતા નવા આવાસ માટેની માંગણી વધુ તીવ્ર બનશે આવી આશા વચ્ચે ડીએલએફના શેરમાં ૫.૫૩ ટકાનો ઉછાળો નોંધાતા તેના શેરની કિંમત ૧૬૦.૩૦ નોંધાઈ હતી. ઈન્ડિયા બુલ્સ રિયલ એસ્ટેટમાં પાંચ ટકાનો ઉછાળો રહેતા તેના શેરની કિંમત ૬૭.૬૦ નોંધાઈ હતી. વ્યાજદર યથાવત રહેવાના પરિણામ સ્વરૂપે મૂડીરોકાણની પ્રવૃત્તિ તીવ્ર બનશે. એચડીએફસીમાં ૨.૮ ટકાનો ઉછાળો નોંધાયો છે.

## વર્ષ ૨૦૧૪માં દેશભરમાં નોકરીની વધુ તકો સર્જાશે

નવી દિલ્હી,તા.૧૮

ભારતમાં નોકરીની દૃષ્ટિએ વર્ષ ૨૦૧૩માં ભારે નિરાશા જોવા મળી હતી પરંતુ નિષ્ણાંતોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૪માં ભારતમાં નોકરીની દૃષ્ટિએ ગુલાબી ચિત્ર સર્જાશે. વર્ષ ૨૦૧૪માં મોટા પ્રમાણમાં નોકરીની તકો સર્જાશે. ઉપરાંત કર્મચારીઓના પગારમાં પણ વધારો કરવામાં આવશે. વર્ષ ૨૦૧૪ વેતન અને નોકરીની દૃષ્ટિએ એક શ્રેષ્ઠ વર્ષ રહેશે. કર્મચારી ૨૦૧૪માં પગારમાં ઓછામાં ઓછા ૧૦થી ૧૨ ટકાના વધારાની અપેક્ષા કરી શકે છે. વૈશ્વિક આર્થિક સ્થિતિની અસર અને ભારતમાં ચૂંટણી અતવા તો આર્થિક મંદીના પરિણામ સ્વરૂપે ચિંતા છતાં મોટાભાગના નિષ્ણાંતો અને માનવ સંશાધનની સલાહ સૂચન કરનાર મોટી કંપનીઓ માને છે કે વર્ષ ૨૦૧૪માં સુધારો થશે. મોટાપાયે નોકરીની તકો સર્જાશે. જે ક્ષેત્રોમાં રોજગારીની તકો વધશે તેમાં આઈટી, આરોગ્ય, શિક્ષણ, વિકાસ સાથે સંકળાયેલા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ઉપરાંત બેંકો માટે નવા લાઈસન્સ જારી કરવામાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૪માં રોજગારીની વધારે તકો સર્જાશે. યુવાઓને બેન્કીંગ ક્ષેત્રોમાં પણ રોજગારીની સારી તકો મળશે. કર્મચારીઓ માટે પણ સારા સમાચાર છે. નિષ્ણાંતો માને છે કે વૈશ્વિક સ્થળે સુધારને ધ્યાનમાં લઈને કંપનીઓ વધુ સારુ કામ કરનાર કર્મચારીઓને જાળવી રાખશે અને તેમના વેતનમાં પણ વધારો કરશે. આવી સ્થિતિમાં વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં વેતનમાં સ્થિતિ વધારે સારી રહેશે. ગ્લોબલ હંટના અધિકારી સુનિલ ગોયલે કહ્યું છે કે વેતનમાં બે આંકડામાં વધારો થઈ શકે છે. આ વધારો ૧૦થી ૧૨ ટકા વચ્ચેનો રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એકંદરે વર્ષ ૨૦૧૪માં દેશભરમાં તમામ ક્ષેત્રોમાં રોજગારીની મજબૂત તકો સર્જાવાથી લોકોને વધુ તકો મળશે.

## ઉત્તર ભારતમાં ધુમ્મસના લીધે ટ્રેન-વિમાની સેવા ઠપ

નવી દિલ્હી,તા.૧૮

દિલ્હી સહિત ઉત્તરભારતમાં ધુમ્મસના કારણે આજે સતત ત્રીજા દિવસે પણ માઠી અસર થઈ હતી જેના કારણે ટ્રેન અને વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી. સતત ત્રીજા દિવસે સવારમાં ધુમ્મસની ચાદર રહેવાના લીધે લોકો અટવાઈ પડ્યા હતા. નોર્થન રેલ્વે દ્વારા માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, ઘણી ટ્રેનો મોડી પડી હતી. કેટલાક અકસ્માતો પણ સર્જાયા હતા. દિલ્હી અને એનસીઆરમાં લોકો અટવાઈ પડતાં તંત્રમાં પણ ભાગદોડ રહી



હતી. સવારે છ વાગ્યાથી લઈને જ ધુમ્મસની સ્થિતિ છવાઈ ગઈ હતી. આઈજીઆઈ વિમાની મથકમાં વિઝિબિલિટી સારી રહી ન હતી. દિલ્હી-નોયડા એક્સપ્રેસ હાઈવે ઉપર ધુમ્મસના કારણે એક અકસ્માત પણ સર્જાયો હતો. વાહનો ખૂબ ધીમી ગતિએ દોડ્યા હતા. રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ધુમ્મસના કારણે ૨૩૬ ટ્રેનો મોડેથી દોડી રહી છે. કેટલીક ટ્રેનો ૧૦ કલાક સુધી મોડી પડી છે. વિમાની મથક ઉપરપણ ઓપરેશનને અસર થઈ હતી. ૪૦થી વધારે ફ્લાઈટને અસર થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હી અને એનસીઆરમાં ગઈકાલે પણ ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી. છેલ્લા ત્રણ દિવસથી ધુમ્મસના કારણે પરિવહનને ભારે અસર થઈ છે. ગઈકાલે સવારે પણ ધુમ્મસના કારણે ઘણા અકસ્માતો થયા હતા. બીજી બાજુ ૧૦૦થી વધારે ફ્લાઈટો અને અનેક ટ્રેનો મોડેથી રવાના થઈ હતી જેથી મોટી સંખ્યામાં લોકો અટવાઈ પડ્યા હતા. ધુમ્મસના લીધે યમુના એક્સપ્રેસ ઉપર બસ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી જેમાં એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. વિઝિબિલિટી ઘટી જવાના કારણે વિમાની મથક ઉપર પણ સાવધાની રાખવામાં આવી હતી. બીજી બાજુ રેલવે દ્વારા પણ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હતા. ધુમ્મસની સ્થિતિમાં અકસ્માતો થવાનો ખતરો વધી જાય છે. આવી સ્થિતિમાં સાવધાની જાળવવામાં આવી હતી. ધુમ્મસની સ્થિતિ હાલ યથાવત્ રહે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે જેથી રેલવે અને વિમાની સેવાને હાલ માઠી અસર થશે.

### સંત નિરંકારી મિશન-એક પરિચય

(પાના નં. ૪ નું ચાલુ)

નિરાકાર પરમાત્મા જ અટલ છે. ચોક્કસ છે, પૂર્ણ છે, આનંદ સ્વરૂપ છે. આથી, તેમના મિલનથી પ્રાપ્ત થનાર આનંદ જ સ્થાયી અને એકરસ રહી શકે છે.

લોકપ્રિયતા : સંત નિરંકારી મિશનના આ આધ્યાત્મિક સિદ્ધાંતોએ વિભિન્ન કાર્યો, માન્યતાઓ, વિશ્વાસો ધરાવતા ધર્મપ્રેમીઓને પ્રભાવિત કર્યા છે.

→ તે બદાં જ ધર્મપ્રેમીઓ માને છે કે, પરમાત્મા જેને રામ, અલ્લાહ, ગોડ, અકાલ પુરૂષ વગેરે ગમે તે નામથી ઓળખતા હોવ, એક છે અને આ એકને આકાર સદ્‌ગુરૂની કૃપા થકી જાણી શકાય છે, તે બધાં જ મિશનમાં જોડાઈ રહ્યા છે.

→ સંત નિરંકારી મિશનના અનુયાયીઓ એક નિરાકાર પરમાત્માના જ્ઞાન અને ભક્તિ વિશે એક મત ધરાવે છે. પરંતુ, સામાજિક જીવનને પોતપોતાની ધારણાઓ અને પરંપરાઓ અનુસાર જીવન જીવવા માટે સ્વતંત્ર છે.

આપણા પાટનગર ગાંધીનગરમાં પણ સંત નિરંકારી ભવનમાં, સેક્ટર-૩૦, શાંતિવન સોસાયટી સામે, ચીપ ટાઈપ શોપિંગ સામે, કે. એચ. ચુધ, (રિયાયર્ડ ડી.વાય.એસ.પી. વાયરલેસ) ના અધ્યક્ષપણા હેઠલ દર રવિવારે સવારે ૧૦.૦૦થી ૧૨.૩૦ સુધી સત્સંગનું આયોજન કરવામાં આવે છે. તેનો અચૂક લાભ લેવા વિનંતી છે.

*વધુ આવતા અંકે...*

### દિલનો દોરો (પાના નં. ૪ નું ચાલુ)

"હા... હા... યાદ છે... મધર્સ ડેની વાત કરો છો ને...!" રાયચંદે હૈયું ખોલે તે પહેલાં વહુ નેતાને શબ્દો કોન પડતાં ફોન મૂકી દીધો હતો.

રાયચંદને દિલ ખોલવું હતું, "મરેલી મા યાદ આવે છે ને આ જીવતા બાપ... એ વહુનું અર્ધુ કામ ઉપાડી લેતી અને આ બાપ ભારરૂપ હતો ખરૂં ને... વહુએ એવું તે શું ભરાવ્યું છે દીકરા... આજ તો તું આવે ત્યારે બધી જ ચોખવટ કરવી પડશે..." અને તૂટતા જતા શબ્દોની ગડમથલમાં હૈયાનો ભાર વધતો ગયો. ઘડિયાળનો કાંટો રાતના અગિયારે પહોંચી ગયો હતો. દીકરાની રાહ જોતા રાયચંદની આંખો દિલનો દોરો પડતાં મીંચાઇ ગઇ હતી. ચોખવટ કરવા કદી ખુલી જ નહિં.

## સમાચાર ઝલક

- ♥ *કચ્છમાં રણોત્સવનો શાનદાર પ્રારંભ.*
- શ્ર લોકપાલથી ૪૦ થી ૪૫% ભ્રષ્ટાચાર ઓછો થશે : અણ્ણા હજારે
- ♥ *રાજકોટમાં બિલ્ડરોને ત્યાં આવકવેરાની ૧૧ ટીમોએ દરોડા પાડ્યા.*
- ♥ *કલકત્તામાં ન્યાયાધીશ ગાંગુલીના વિરોધમાં પ્રદર્શન-સરઘસ નીકળ્યા.*
- ♥ *મોરબીનું સિરામીક ઉધોગનું આંદોલન તેજ બનશે.*
- ♥ *અલંગ જતી ૪ યુવતીઓ પર અજાણ્યા શખ્સોનો હીચકારો હુમલો.*
- ♥ *લોકપાલ બિલ મંજૂર થતાં રાલેગણ સિદ્ધિ ગામે દિવાળી જેવો ઉત્સવ ઉજવાયો.*
- ♥ *લાલુપ્રસાદ યાદવ જામીન પર છુટી પોતાના નિવાસ સ્થાને પહોંચ્યા.*
- ♥ *ગુજરાતમાં બજેટ સત્ર ૭ દિવસનું રહેશે.*
- ♥ *બ્લોગ પર લાલકૃષ્ણ અડવાણી ભાવુક બની રડી પડ્યા.*
- ♥ *મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનને આદર્શ ગોટાળા કૌભાંડમાં સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી.*
- ♥ *ગીતકાર જાવેદ અખ્તરને સાહિત્યનું સૌથી મોટું સન્માન મળ્યું.*
- ♥ *લગ્નમાં ઓનલાઇન વહીવટ વધ્યો છે.*
- ♥ *કોલસાના ભાવ વધશે, કોલસામાં કામ કરતાં ખાણીયા મજૂરના વેતન વધવાથી.*
- ♥ *પોપનો જન્મદિવસ વેટિકન સીટીમાં શાનદાર રીતે ઉજવાયો.*
- ♥ *કચ્છમાં વિદ્યુત વિભાગની ૯૮ ટીમોએ ગેરકાયદેસર વીજળી મેળવતા લોકોને ઝડપી લીધા.*
- ♥ *કચ્છમાં શીખ જમીન મામલો કલેકટર દ્વારા મુક્ત કરાયો.*
- ♥ *ગુજરાત પબ્લિક સર્વિસ કમીશનના વર્ગ-૪ના કર્મચારીઓએ હડતાળ પાડી.*
- ♥ *ધૂમ-૩ ફિલ્મ પ્રેક્ષકોને મોંઘી પડશે.*